પૂર્વછાયો- વળી કહું એક વારતા, હરિજનની કરી હેત ।
સાંભળતાં સુખ ઉપજે, વળી તરે કુટુંબ સમેત ॥૧॥
સુંદર જશ સતસંગીનો, જે સુણશે વારમવાર ।
પરિશ્રમ વિના પામશે, આ ભવસાગરનો પાર ॥૨॥
કહેશે કથા કોડે કરી, વળી સુણશે થઈ સાવધાન ।
તેના મનોરથ પૂરશે, પ્રકટ શ્રીભગવાન ॥૩॥
એવી કારણિક છે કથા, સત્ય માનજયો સહુ કોય ।
હવે જશ હરિજનના, સંભળાવું વળી સોય ॥૪॥

ચોપાઇ- એક ભક્ત ભાવિક છે ભલો, રહે કુંડાલ્યે નામ છે કલો ।
કરે કૃષિ કણબીનું કર્મ, પાળે સતસંગના જે ધર્મ ॥૫॥
ભજે પ્રભુ પ્રકટ પ્રમાણ, સ્વામી સહજાનંદ સુખખાણ ।
આવે સંત સ્વામીના જે ઘેર, કરે સેવા તેની સારીપેર ॥૬॥
સાચો સમજાણો સતસંગ, તેનો ચડ્યો અંગમાંહિ રંગ ।
વળી કરે કેફ ભરી વાત, સ્વામી પ્રભુ પોત્યે છે સાક્ષાત ॥૭॥
બીજે શીદ રહ્યા છો બંધાઈ, સહુ આવો સતસંગમાંઈ ।
એવી વાત કલાની સાંભળી, એના ભાઈ બીજા ઉઠ્યા બળી ॥૮॥
કહે ખેતવાડી ખેંચી લિયો, નાત્યમાંહિ બેસવા મ દિયો ।

સત્સંગ એનો દિયો મુકાવી, પછી દીન થઇ નમશે આવી ॥૯॥
પછી કુસંગીયે એમ કીધું, ખેતવાડી એનું ખેંચી લીધું ।
ત્યારે કલો ગયો દરબાર, કર્યો ત્યાં જઇ પોતે પોકાર ॥૧૦॥
પણ લોંઠે લાંચ ભરી તિયાં, તેણે કરી રાયે ન કર્યો નિયા ।
કહે કલો વાત ચિત્ત ધરો, મારો ધર્મન્યાય કોઇ કરો ॥૧૧॥
ત્યારે સહુએ વાત એમ ઝાલી, સાચા સમ ખાઇ લે તું ચાલી ।
પછી એજ કીધો નિરધાર, સમ ખાધા વિના નહિ પાર ॥૧૨॥
સમ વસમા દેવાને કાજ, ચાલ્યા વાડીયે લઈ સમાજ ।
આવ્યા સહુ સમનું સાંભળી, દેશ ગામના માલ્યક મળી ॥૧૩॥
કર્યો તપાવી લોહગોળો લાલ, કહે સાચો હો તો લઈ ચાલ્ય ।
જોઇ કલો કરે છે વિચાર, પ્રભુ કેમ ઉતારશો પાર ॥૧૪॥
મારે એક આધાર તમારો, વાલા આ સમે રખે વિસારો ।
એમ કહેતાં આવ્યા ભગવાન, દીધાં દાસને દર્શન દાન ॥૧૫॥
આવી બોલ્યા એમ અવિનાશ, કહે રહે નિર્ભય તુ દાસ ।
બીક તજી ગોળો લે બે હાથ, નહિ દાઝ્ય કહે એમ નાથ ॥૧૬॥
પછી કલે ગોળો કર ઝાલી, લીધી પૃથવી પોતાની ચાલી ।
સહુ કહે સુણજ્યો સતસંગી, કાળું મોં લઇ ગયા કુસંગી ॥૧૭॥
એમ પરચો દઇ દયાળ, કરી નિજજન પ્રતિપાળ ।
વળી વાત કહું એક સારી, લેજ્યો હરિજન હૈયે ધારી ॥૧૮॥
એક ભક્ત કહીએ ભુલો નામ, રહે નકિ નંદાસન ગામ ।
અતિભોળો સરલ સ્વભાવ, જેને દગા પેચ નહિ દાવ ॥૧૯॥
કરે કણબી કૃષિનું કામ, ભજે સ્વામિનારાયણ નામ ।
વિશવાસી વિકારે રહિત, નિષ્કપટ પ્રભુમાંહિ પ્રીત ॥૨૦॥
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ, તેની પડે નહિ સમજણ ।
એવી અતિશય છે ભોળાઇ, જેને સાન ગમાન ન કાંઇ ॥૨૧॥
તેતો દર્શન કરવા કાજ, ચાલ્યો તિયાં જીયાં છે મહારાજ ।
નહિ પોતાપાસે અન્ન જળ, માગી ખાય એવી નહિ કળ ॥૨૨॥

ડાબી જમણી ન જાણે વાટ, શીત ઉષ્ણનો નહિ ઉચ્ચાટ ।
એમ ચાલિયો દર્શન કાજ, ત્યારે આવિયા સામા મહારાજ ॥૨૩॥
વાલો વિપ્રતણો વેષ લઈ, ચાલ્યા ભક્ત પોતે ભેળા થઈ ।
પાતા પાણી ને આપતા અન્ન, લાવ્યા જનને કરી જતન ॥૨૪॥
ભેળા આવ્યા ભુજશહેર માંઈ, દેખાડી જાયગા ઝાલી બાંઈ ।
પછી એ રૂપ અદૃશ્ય કરી, આવી બેઠા પાટપર હરિ ॥૨૫॥
કીધાં ભક્ત ભુલે દરશન, નાથ નિરખીને થયો મગન ।
પછી નાથે પૂછ્યું એને એમ, કહો આવી શક્યા આંહિ કેમ ॥૨૬॥
અતિવૃદ્ધ ને ન ચાલે પગ, કેમ લાધો આ દેશમારગ ।
હતું ખરચી ભાતું ભેળું કાંઈ, કેમ પહોંચ્યા ડોસા તમે આંઈ ॥૨૭॥
કહે ભક્ત બ્રાહ્મણ ભેળો હતો, આવ્યો અન્ન ને જળ આપતો ।
મને તેડી આવ્યો એહ આંઈ, મેલી મંદિરમાં ગયા ક્યાંઈ ॥૨૮॥
ત્યારે નાથ કહે અમે હતા, આવ્યા તારી ખબર રાખતા ।
દીધાં વાટ ઘાટનાં એંધાણ, મળ્યાં નદી ગામનાં નિશાણ ॥૨૯॥
ત્યારે ભક્ત કહે સર્વે સત્ય, મને લાવિયા આપી હિમત્ય ।
એહ પરચો પુરણ પ્રમાણો, **વળી** વાત એક કહું જાણો ॥૩૦॥
એક કાજુ કોટેસર ગામ, તિયાં ભક્ત રહે ઝવેરનામ ।
થયો બાલપણે સતસંગ, લાગ્યો કડવો સર્વે કુસંગ ॥૩૧॥
દૃઢ આશરો અંતર ધારી, ભજે સહજાનંદ સુખકારી ।
આખા ગામ માંહિ ઘર એક, બીજાં વસે ત્યાં પાપી વિષેક ॥૩૨॥
કરે અદાવત નાખે આળ, તે ન સમજે ભક્ત દયાળ ।
પાપી કહે લાગ્યું તને પાપ, એક મુકી બીજો કર્યો બાપ ॥૩૩॥
ખોટા તમે ખોટો સતસંગ, ઠાલા અમથા ફુલો છો અંગ ।
જો જાણતા હો સાચું જ તમે, આપો પરચો તો માનિયે અમે ॥૩૪॥
કહે ભક્ત કેટલીક વાત, આપશે પરચો પ્રભુ સાક્ષાત ।
તોય તમથી નહિ મનાય, પડે પ્રતીત મને મનમાંય ॥૩૫॥
વારુ માગો પરચો સહુ મળી, આપશે વાલો મારી સાંભળી ।

કહે વિમુખ આ ડેરે ચડી, જીવ તારો રહે ત્યાંથી પડી ॥૩૬॥
તો સાચા તમે ને સાચી વાત, સ્વામી પણ પ્રભુ તો સાક્ષાત ।
પછી ભોળો ભક્ત બુદ્ધિ બાળ, ચડ્યો શિવાલયે તતકાળ ॥૩૭॥
મેલ્યું ત્યાં થકી પડતું તન, સ્વામી સ્વામી કરતાં ભજન ।
પડ્યું અવનિ ઉપર અંગ, જાણ્યું થાશે કલેવર ભંગ ॥૩૮॥
રહ્યો આખી અણિએ નાવ્યો આળ, ન જણાણું વપુમાંહિ વાળ ।
કરી જગજીવને જતન, એમ ઉગારિયો નિજજન ॥૩૯॥
પાપી વિમુખ પાછેરા પડ્યા, સતસંગી અંગે રંગ ચડ્યા ।
આપ્યો પરચો એમ પ્રસિદ્ધ, **કહું વાત** બીજી કરી વિદ્ધ ॥૪૦॥
એક અમદાવાદને માંઈ, પ્રાણવલ્લભ દ્વિજ રહે ત્યાંઈ ।
ભજે સ્વામિનારાયણ નિત્ય, બીજી વારતા જાણે અનિત્ય ॥૪૧॥
એકવાર ગોદાવરી ગયો, મરકી રોગમાંહિ માંદો થયો ।
રહ્યો નહિ રોગ ઘણા દન, તર્ત તજી ચાલ્યો જીવ તન ॥૪૨॥
આવ્યા તેડવા તેહને નાથ, ચાલ્યો વિપ્ર મહારાજ સાથ ।
કહે જીવન સાંભળ્ય જન, કાંઈ ઈચ્છા રહી તારે મન ॥૪૩॥
કહે દ્વિજ મેં ન કહ્યું કેને, મારો સંશય થાશે બહુ એને ।
કહેશે માનવી મરે છે બહુ, મુવો તેમજ કહેશે એ સહુ ॥૪૪॥
કહે નાથ તું જા દેહમાંઈ, કહી આવ્ય તું સહુને ત્યાંઈ ।
પછી પાછો આવ્યો જ્યારે પ્રાણ, ત્યાંતો તન લૈ ગ્યાતા મશાણ ॥૪૫॥
ખડક્યા કાષ્ટમાં સળવળ્યું તન, સહુ આશ્ચર્ય પામિયાં મન ।
એક કહે ગયો તો એ મરી, કેમ આવ્યો જીવ પાછો ફરી ॥૪૬॥
પામી વિસ્મય પૂછે છે વાત, ભાઈ તારી તું કહે વિખ્યાત ।
કહે દ્વિજ હું ગયો તો ધામ, આવ્યો પાછો હું એટલે કામ ॥૪૭॥
આતો કાળનો વેગ છે ભારી, નાખશે નરનારીને મારી ।
માટે સ્વામિનારાયણ કહો, તો તમે સર્વે જીવતા રહો ॥૪૮॥
માનો મારું એટલું વચન, તાળી પાડીને કરો ભજન ।
પછી ધુન્ય કરીને દેખાડી, તાળી ભેળી પોત્યે પણ પાડી ॥૪૯॥

પછી માગી શીખ મુક્યું તન, પામિયા આશ્ચર્ય લાખો જન ।
થયો પર્યો એ પ્રસિદ્ધ જાણો, જાણી આનંદ અંગમાં આણો ॥૫૦॥
જુવો સર્વે સતસંગમાંઈ, સદા સુખ દુઃખ નહિ કાંઈ ।
નિત્ય સહાય કરે સહજાનંદ, જોઈ મગન રહે જનવૃંદ ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળા નંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિમધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને સાડત્રિશમું પ્રકરણમ્ ॥૧૩૭॥